**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં શંકાસ્પદ કેમિકલ પાઉડર અને જંતુનાશક દવાના જથ્થા સાથે ત્રણની ધરપકડ

**બાતમીને આધારે SOG પોલીસે પીકઅપ અને ઈકો કારની તલાશી લેતાં 20.93 લાખનો શંકાસ્પદ જથ્થો મળ્યો**

અંકલેશ્વરઃ ભરૂચ એસોજી પોલીસે પેટ્રોલિંગમાં અંકલેશ્વર એકમ ચોકડી આગળ વજન કાંટા પાસે પાર્ક શંકાસ્પદ બે વાહનોમાં દરોડો પાડતા 'એક કારમાંથી જંતુનાશક દવાનો પાવડર, જ્યારે પીકઅપ ટેમ્પોમાંથી શંકાસ્પદ કેમિકલનો જથ્થો કબજે કર્યો હતો. GIDCના ગોલ્ડન પોઇન્ટ ખાતે રહેતો ટેમ્પો ચાલક ધવલ નાનજીભાઈ પાઘડાર પાસે આધાર પુરાવા માંગતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે તેની અટકાયત કરી હતી. જ્યારે ઇક્કો કારમાં રહેલ જંતુનાશક દવાનો જથ્થો મળી 23 હજારની દવા મળી કુલ 20.93 લાખનો મુદ્દામાલ કબ્જે કરી મહારાષ્ટ્રના પંકજ નાગોભાઈ મગરે અને રામ સાગર યાદવને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

# આમોદમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રેલી યોજાઈ

આમોદ,તા.૧૩

આમોદ ખાતે 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત નગરમાં પોલીસ મથક ખાતેથી રેલી યોજાઈ હતી. જે બાદ રેલીમાં જોડાયેલા શાળાના બાળકો અને પોલીસ જવાનોને દેશની સમૃદ્ધિ અને વીર જવાનોનું સન્માન કરવા શપથ લેવડાવ્યા હતાં

## પોલીસ દ્વારા 'મારી માટી મારો દેશ'નો સંદેશો અપાયો

આમોદમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરની આગેવાની હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ હતી. જેમાં પોલીસ મથકેથી ડી.જે.ના તાલ સાથે દેશભક્તિ ગીતોના સથવારે વિશાળ રેલી નીકળી હતી. જેમાં પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, ટી.આર.બી. જવાનો તેમજ શાળાના બાળકો સાથે નગર ભાજપ પ્રમુખ, નગર પાલિકા પ્રમુખ અને શાળાના આચાર્ય જોડાયા હતા. રેલી મામલતદાર કચેરીથી નીકળી તિલક મેદાન, આમોદ ચાર રસ્તા થઈ પોલીસ મથકે પરત ફરી હતી. જ્યાં કળશમાં માટી લઈ પાંચ શપથ લેવડાવ્યા હતા.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

# જંબુસર નગરના માર્ગો પર તિરંગા રેલીએ આકર્ષણ જમાવ્યું

જંબુસર,તા.૧૩

જંબુસર પોલીસ દ્વારા 'મારી માટી મારો દેશ' અંતર્ગત રેલી યોજી સ્વરાજ ભવન ખાતે પ્રતિજ્ઞા લીધી હતી. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશ માટે બલિદાન આપનારા વીરોને સમર્પિત અભિયાનની જંબુસર, વેડચ, કાવી પોલીસ દ્વારા ઉજવણી કરાઈ હતી.

જંબુસરના ડીવાયએસપીના માર્ગદર્શન અને પીઆઈની રાહબરી હેઠળ જંબુસર, વેડચ, કાવી પોલીસ દ્વારા 'મારી માટી મારો દેશ' અભિયાન હેઠળ જંબુસર ડેપો પોલીસ ચોકીથી રેલી યોજાઈ હતી. જે નગરના કોટ બારણા, મુખ્ય બજાર, લીલોતરી બજાર, કાવા ભાગોળ થઈ સ્વરાજ ભવન ખાતે પહોંચી હતી. જ્યાં દેશ માટે બલિદાન આપનારા વીરોને સમર્પિત અભિયાન હેઠળ હાથમાં માટી લઈ પ્રતિજ્ઞા લેવાઈ હતી. અંતમાં રાષ્ટ્રગાન કરાયું હતું. રેલીમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, હોમગાર્ડ અને જીઆરડી જવાનો તથા એસ.પી.સી સ્ટુડન્ટ હાજર રહ્યા હતા.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

## ઝઘડિયા એપીએમસી ખાતે

# તાલુકાના ચાર પોલીસ મથકો દ્વારા તિરંગા યાત્રા યોજાઈ

ઝઘડિયા, તા. ૧૩

ભરૂચ જિલ્લાના ઝઘડિયા ખાતે પોલીસ દ્વારા આજે 'મારી માટી મારો દેશ' અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ઝઘડિયા પોલીસ સ્ટેશન, ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટેશન, રાજપારડી પોલીસ સ્ટેશન અને ઉમલ્લા પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ એપીએમસી ખાતે યોજાયો હતો. જેમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વીર શહીદોને યાદ કરીને તેમને શ્રધ્ધાંજલી અર્પિત કરાઈ હતી. આ પ્રસંગે અગ્રણીઓ અને પોલીસ જવાનો દ્વારા તિરંગા યાત્રા યોજાઈ હતી, જે એપીએમસીથી નીકળીને નગરના વિવિધ વિસ્તારોમાં ફરીને ચાર રસ્તા ખાતે પહોંચી હતી. અને ત્યાંથી પરત એપીએમસી ખાતે પહોંચી હતી, જ્યાં યાત્રાનું સમાપન થયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓ અને પોલીસ જવાનો દ્વારા દેશને આત્મનિર્ભર તેમજ વિકસિત બનાવવા કટિબધ્ધ બનવાના શપથ લેવાયા હતા.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–01**

### દહેજ નજીકના જોલવા ગામેથી

# દુકાનમાં ગેરકાયદે ગેસના બોટલોમાં રીફીલિંગ કરતા શખ્સની ધરપકડ

ભરૂચ, તા. ૧૩

ભરૂચ જિલ્લાના દહેજ ખાતેના જોલવા ગામની ગોકુળધામ રેસિડેન્સીમાં આવેલી દુકાનમાં ગેરકાયદે ગેસના બોટલો રીફીલીંગ કરતાં શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો.

## મોટી બોટલોમાંથી નાની બોટલોમાં ગેસ જોખમી રીતે રીફીલિંગ કરાતો હતો, ૨૨ હજારનો મુદ્દામાલ જપ્ત

દહેજ પોલીસ મથકનો સ્ટાફ ગઈકાલે તેમના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન જોલવા ગોકુળધામ રેસીડન્સીમાં નામ વગરની ગેસની દુકાનમાં એક ઈસમ ગેસની મોટી બોટલમાંથી નાની મોટી બોટલોમાં ગેરકાયદે ગેસ ટ્રાન્સફર કરી રહ્યો હોવાની બાતમી મળતાં પોલીસે બાતમીવાળી જગ્યાએ રેડ પાડી હતી. જે દરમિયાન ગેસના મોટા બોટલમાંથી ગેરકાયદે અને જોખમી રીતે ગેસ રીફીલિંગ કરતો વેલકમ સોસાયટી જોલવા ખાતે રહેતો પારસરામ ઉર્ફે વિકાસ ભીખારામ ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની દુકાનમાંથી જુદી જુદી કંપનીની નાની મોટી ગેસની ૨૧ બોટલો સહિતનો મુદ્દામાલ ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની ધરપકડ કરી ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# હાંસોટ પોલીસ દ્વારા મારી માટી મારો દેશ અંતર્ગત કાર્યક્રમનું આયોજન

હાંસોટ ખાતેના પોલીસ મથકે મારી માટી મારો દેશ અંતર્ગત કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાંસોટ પોલીસ મથકે પોલીસ ના જવાનો તથા હોમગાર્ડ ના જવાનો ઉપરાંત એસ. પી. સી ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રથમ તમામને હાથમાં માટી લઈ હાંસોટ ના પી. આઈ. કે. વી. ચુડાસમા એ શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ પોલીસ સ્ટેશન થી હાંસોટ સર્કલ થઈ જીન ના કંપાઉન્ડ સુધી ફ્લેગ માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિ ના સૂત્રો ઉચ્ચારવામાં આવ્યા હતા. આ ઉપરાંત હાંસોટ ના મામલતદાર બેલેડીયા તથા નાયબ મામલતદાર ઈલાબેન પટેલ અને તાલુકા ના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વરની બેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની પાસેથી જુગાર રમતા ૧૦ જુગારિયાં ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જીઆઈડીસી ની બેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીની બાજુમાં જુગારધામ ચાલી રહ્યો છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા ૨૦ હજાર અને નવ મોબાઈલ મળી કુલ ૭૨ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને યોગી એસ્ટટ પાસે રહેતો જુગારી અજિતકુમાર ઓમકારસિંહ યાદવ,જીતેન્દ્ર ગૌતમ,ગોપાલકુમાર યાદવ સહિત ૧૦ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

### ત્રણ રસ્તાથી લેકવ્યુ પાર્ક ગાર્ડન સુધી માર્ચ પાસ્ટ યોજાઈ

# અંકલેશ્વર શહેરમાં પોલીસ તંત્ર દ્વારા માર્ચ પાસ્ટ યોજાઈ

## પોલીસ ,જીઆરડી.હોમગાર્ડ,પાલિકા ના કર્મચારીઓ જોડાયા

| અંકલેશ્વર |

અંકલેશ્વર પોલીસ વિભાગ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત શહેર ના ત્રણ રસ્તા થી લેકવ્યુ પાર્ક ગાર્ડન સુધી માર્ચ પાસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું આ માર્ચ પાસ્ટમાં ત્રણ પોલીસ મથક ના પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મીઓ, જીઆરડી ,હોમગાર્ડ અને નગર પાલિકા ના કર્મચારીઓ જોડાયા હતા .

આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્ણાહુતિ વધુ ભવ્ય અને યાદગાર બનાવવા આગામી ૩૧ ઓગષ્ટ સુધી સમગ્ર દેશમાં ક્ષ્મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદનઅભિયાન હાથ ધરી વીરોને સમર્પિત જુદા જુદા કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે .ત્યારે અંકલેશ્વર શહેર એ ડિવિઝન ,રૂરલ અને શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા દેશને આઝાદી અપાવવામાં મહત્વની ભુમીકા અદા કરનાર તમામ વીર શહીદોના યોગદાનને બિરદાવવા માટે શહેર ના ત્રણ રસ્તા સર્કલ થી લેકવ્યુ પાર્ક સુધી માર્ચ પાસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું .આ માર્ચ પાસ્ટ માં ત્રણેય પોલીસ મથક ના પોલીસ અધિકારીઓ ,પોલીસ કર્મીઓ ,જીઆરડી ,હોમગાર્ડ ના જવાનો ,એસપીસી સ્ટુડન્ટ ,અને નગર પાલિકા ના અધિકારીઓ સાથે કર્મચારીઓ જોડાયા હતા આ માર્ચ પાસ્ટ શહેર ના ત્રણ રસ્તા સર્કલ થી નીકળી મુખ્ય માર્ગ ઉપર થઈ લેકવ્યુ પાર્ક ખાતે પહોંચી વીરોને શ્રદ્ધાંજલી અર્પી હતી.



અંકલેશ્વર પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ યોજાઈ હતી.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

### ભરૂચ LCBની ટીમને પેટ્રોલિંગ સમયે બાતમી મળી

# અંકલેશ્વરમાં દારૂનો જથ્થો ભરેલી કાર સાથે ૩ની અટકાયત

## ક્રાઈમ બ્રાન્ચે દારૂ સહિત રૂા. ૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર ભાંગવાડ વિસ્તારમાં દારૂનો જથ્થો ભરેલી કારને LCB પોલીસે માહિતીના આધારે ઝંડપી પાડી હતી. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ.૧.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કરી બે મહિલા સહિત એક ઈસમને ઝડપી પાડી એકને વોન્ટેડ જાહેર કર્યો છે.

ભરૂચ જિલ્લા SP મયુર ચાવડાએ જિલ્લામાં ચાલતી દારૂ-જુગારની ગેરકાયદેસરની પ્રવૃતિઓ ડામી દેવા દરેક અધિકારીઓને આદેશ આપ્યા હતાં. જેના આધારે ભરૂચ LCBની ટીમ ગતરોજ સાંજના સમયે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે અંકલેશ્વરના ભાંગવાડા વિસ્તારમાં રહેતી લક્ષ્મી અરવિંદ વસાવાના ઘરે લાલ કલરની સેન્ટ્રો કારમાં દારૂનો જથ્થો ભરેલો છે અને હાલમાં તે ત્યાંજ ઉભી છે. LCBની ટીમના PSI એસ.કે.ટોરાણી અને સ્ટાફને માહિતી મળતા જ તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી કારને ઝડપી પાડી હતી.LCBની ટીમે કારમાં તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ ૨૧૨ મળીને કુલ રૂા.૪૯,૯૮૦ ની જથ્થો ઝડપી પાડ્યો હતો. જ્યારે કાર, રોકડા રૂ.૩૫ હજાર અને બે મોબાઈલ મળીને કુલ રૂ.૧,૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સ્થળ પરથી પ્રશાંત પટેલ, લક્ષ્મી અરવિંદ વસાવા અને મનીષા વસાવાને ઝડપી પાડ્યા હતાં. ભરૂચના જીગ્નેશ ચાવડાને વોન્ટેડ જાહેર કરીને તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE–02**

## વાલિયાના વિવિધ વિસ્તારોમાં ફરી હતી

# રૂપનગર એસઆરપી અને પોલીસની માર્ચ પાસ્ટ યોજાઈ

ભાસ્કરન્યૂઝ | વાલિયા

15 મી ઓગસ્ટ અને આઝાદીના અમૃત કાળની ઉજવણીના ભાગરૂપે રૂપનગર એસઆરપી ગ્રુપ 10 દ્વારા 500 જેટલા જવાનો સાથે માર્ચ પાસ્ટ યોજી હતી જેનો રૂટ સિલુડી ચોકડીથી વાલિયા મેઈન બજાર થઈ વાલિયા મેઈન ચોકડી , તાલુકા પંચાયત, મામલતદાર કચેરી અને છેલ્લે વાલિયા પોલીસ સ્ટેશન પહોંચી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.જેમાં એસઆરપી



અધિકારીઓ જવાનો તેની સાથે વાલિયા પોલીસ સ્ટેશનન કર્મીઓ ,હોમગાર્ડ પીએસઆઈ આર. એસ. વસાવા, એમ. એચ. પરમાર ,મામલતદાર અનિલ વસાવા, તાલુકા વિસ્તરણ અધિકારી વૈશાલી રાવ તેમજ જિલ્લા તાલુકાના લોકો હાજર રહ્યા હતા.

**DATE: 14/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE–02**

# વાગરા પોલીસ દ્વારા ત્રિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું



**વાગરા ।** વાગરા પોલીસ સ્ટેશનના જવાનો દ્વારા ત્રિરંગા રેલી યોજવામાં આવી હતી. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મેરી માટી મેરા દેશ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે વાગરા પોલીસ દ્વારા પણ ત્રિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી વાગરા પોલીસ મથક ખાતેથી નીકળી ડેપો સર્કલ સહિતના વિસ્તારોમાં પોલીસની તિરંગા રેલી નીકળી હતી. વાગરા પોલીસનાં જવાનો મોટી સંખ્યામાં આ રેલીમાં જોડાયા હતા.

**DATE: 15/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–01**

# ભરૂચ પોલીસ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પરેડ માર્ચ યોજાઈ

ભરૂચ,તા.૧૪

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા આયોજીત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાન અંતર્ગત કાર્યક્રમ ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો.

## વીર જવાનોના સન્માનના શપથ લેવડાવ્યા

જેમાં સાંસદ, વાગરાના ધારાસભ્ય, જિલ્લા ભાજપ પ્રમુખ, પાલિકા પ્રમુખ, જિલ્લા કલેકટર, અધિક જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડા, સહિત ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓઅને પોલીસ કર્મીઓ સહિત પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વીર જવાનોના સન્માનના શપથ લેવામાં આવ્યા હતા. હોસ્ટેલથી પાંચબત્તી થઈ સ્ટેશન સર્કલ અને ત્યાંથી હોસ્ટેલ ગ્રાઉન્ડ પરત સુધીની પરેડ માર્ચનું આયોજન કરાયું હતું. જેને સાંસદે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. શહેરમાં દેશભક્તિનો માહોલ ખડો થયો હતો.

**DATE: 15/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### કુલ રૂપિયા ૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

# ભરૂચમાં મોપેડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો : બે આરોપી ઝબ્બે કરાયાં

## સોનતલાવડી ઝૂંપડપટ્ટી પાસેના રોડ પર પોલીસે વોચ ગોઠવી હતી

। ભરૂચ ।

ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝન દ્વારા ચોરીની બે મોપેડ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સુઝુકી એક્સેસ મોપેડ નો ચોરીનો ગુનો નોંધવામાં આવેલ જે અનુસંધાને ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પીઆઈ બી.એલ.મહેરીયા અને શહેર એ.ડીવીઝન પોલીસની ટીમ દ્વારા ગુનો શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સર્વેલન્સ દ્વારા માહિતી મળેલ કે ચોરીમાં ગયેલ એક્સેસ મોપેડ સાથે બે ઈસમો સોનતલાવડી ઝૂપડપટ્ટી પાસેના રોડ ઉપર પસાર થનાર છે.

જેની જાણ થતા સમય સુચકતા વાપરી સોનતલાવડી ઝૂપડપટ્ટી પાસેના રોડ પર વોચ ગોઠવી વર્ણનવાળી મોપેડે પર બે ઈસમો પસાર થતા રોકી લઈ સઘન પુછપરછ કરતા ગલ્લા-તલ્લા કરી ઉડાઉ જવાબ આપતા હોય જેથી વધુ યુક્તિ-પ્રયુક્તિ થી પુછપરછ કરતા ઈસમો માનસીક રીતે ભાંગી ડેલ અને પોતે જ એક્સેસ મોપેડ તથા અન્ય એક મેસ્ટ્રો મોપેડની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

જેથી ચોરીમાં ગયેલ સુકુઝી એક્સેસ મોપેડ વધુ તપાસ અર્થે કબજે કરેલ છે તથા અન્ય એક મેસ્ટ્રો મોપેડ સીઆરપીસીની કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ છે તેમજ આરોપી જીગ્નેશ ઉર્ફે જીગો વિનોદભાઈ વસાવા, રહે. સોનતલાવડી ઝૂપડપટ્ટી, ભરૂચ તેમજ ઋત્વિક સૈલેશભાઈ પટેલ, રહે. સોનતલાવડી, ભરૂચને કુલ મુદ્દામાલ કિંમત રૂા.૪૦ હજાર કબ્જે કરી બંન્ને આરોપીઓની અટક કરી આગળની તપાસ પોલીસ કરી રહી છે.

**DATE: 15/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### પોલીસે દારૂના જથ્થા સાથે ૩૩ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે લીધો

# ધારોલી નજીક વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઈસમો ઝડપાયા

## પોલીસે કોર્ડન કરીને બાઈક પર દારૂ લેવા આવનાર સહિત ત્રણને ઝડપ્યા

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના ધારોલી નજીકથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા. ઝઘડિયા જીઆઈડીસી પોલીસમાંથી મળતી વિગતો મુજબ પીએસઆઈ સેલાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ધારોલી ચોકડી નજીક પાનવાડી જવાના રોડની બાજુમાં એક ઈસમ એક થેલામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈને ઉભો છે.

પોલીસે બાતમી મુજબના સ્થળે જઈને વોચ ગોઠવતા રાતના બાર વાગ્યા આસપાસના સમય દરમિયાન એક મોટરસાયકલ પર બે ઈસમો દારૂ લેવા આવ્યા હતા. પોલીસે કોર્ડન કરીને મોટરસાયકલ પર દારૂ લેવા આવનાર સહિત કુલ ત્રણ ઈસમોને ઝડપી લઈને તપાસ કરતા તેમની પાસેના થેલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ ૭૭ કિંમત ૭૭૦૦ , મોટરસાયકલ કિંમત ૧૫ હજાર તેમજ મોબાઈલ નંગ ૩ કિંમત ૧૧ હજાર મળી કુલ ૩૩,૭૦૦ ના મુદ્દામાલ સાથે ધર્મેશ અરવિંદભાઈ વસાવા રહે.વાલિયા જિ. ભરૂચ, જયેશ અશોકભાઈ વસાવા રહે. વાલિયા જિ.ભરૂચ તેમજ મિનેશ જયરામભાઈ વસાવા રહે.ઝરપણીયા તા.વાલિયા જિ.ભરૂચનાને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 15/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે દુકાનમાંથી 14 બોટલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સારંગપુરમાં વાસણની દુકાનમાં ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર સારંગપુર ના મીરાનગર ખાતે વાસણ ભંડાર ની દુકાન માં ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું હતું. પોલીસે દુકાન માંથી નાની-મોટી 14 બોટલ તેમજ રીફીલીંગ પાઈપ અને વજન કાંટો મળી 7700 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દુકાનદાર ની ધરપકડ કરી તેની પૂછપરછ આરંભી હતી.

બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ની ટીમ અંકલેશ્વર સારંગપુર ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મીરા નગર ખાતે આવેલ પાકીઝા હોટલ બાજુ માં ખુશી વાસણ ભંડાર ની દુકાન માં ગેર કાયદેસર રીતે લોકો ની જિંદગી જોખમ માં મૂકી ગેસ રિફિલિંગ કરવામાં આવી રહ્યું હોવાની ચોક્કસ માહિતી મળતા પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે ખુશી વાસણ ભંડાર સર્ચ કરતા દુકાન માં નાની બોટલ માં મોટી બોટલ માંથી વજન કાંટા પર નાની બોટલ મૂકી ગેસ પાઈપ વડે રીફીલીંગ કરતા આબાદ ઝડપી પાડવામાં આવ્યા હતા પોલીસે સ્થળ પર થી નાની-મોટી 14 ગેસ બોટલ , વજન કાટો અને પાઈપ મળી 7700 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તો દુકાન સંચાલક રામનિવાસ ઉર્ફે ચિંકુ શિવ ચંદ્ર યાદવ ની ધરપકડ કરી વધુ પુછપરછ આરંભી હતી.

**DATE: 15/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# વેડચ નવયુગ વિદ્યાલય ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



જંબુસર । વેડચ નવયુગ વિદ્યાલય ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો .તથા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વિધાર્થી ઓને આવે .તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા. જેમાં નવયુગ વિદ્યાલય આચાર્ય તથા શિક્ષકો અને વેડચ પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈડી.એ. તુવર.તથા પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા .જેમાં શિક્ષકો તથા પી. એસ. આઈ.એ વૃક્ષો તથા પર્યાવરણના જતન માટે પ્રવચન કરી વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા .

# અંકલેશ્વર પોલીસે વોન્ટેડ બૂટલેગર ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ LCB ની પેટ્રોલીંગમાં હતી.તે સમયે ટીમે માહિતીના આધારે ભાંગવાડ વિસ્તારમાં રહેતી લક્ષ્મી અરવિંદ વસાવાના ઘરે લાલ કલરની સેન્ટ્રો કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ 212 મળીને કુલ રૂ.49,980 ની જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી પ્રશાંત પટેલ,લક્ષ્મી અરવિંદ વસાવા અને મનીષા વિષ્ણુભાઈ વસાવાને ઝડપી પાડ્યા હતાં. જ્યારે ભરૂચના જીગ્નેશ ચાવડાને વોન્ટેડ જાહેર કર્યો હતો. જોકે, બાદમાં તેને પણ ઝડપી પાડ્યો હતો.

**DATE: 17/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એકની ધરપકડ, મહિલા સહિત બે જણાને વોન્ટેડ જાહેર કરાયાં

# 5 હજારના દેશી દારૂ હેરાફેરીમાં લક્ઝુરિયસ કાર, આઈફોન જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં વિદેશી દારૂની હેરાફેરીમાં બુટલેગરો લક્ઝુરિયસ કાર વપરાતા હોવાના અનેક કિસ્સા ઓ સામે આવ્યા છે.પરંતુ હવે દેશી દારૂની હેરાફેરીમાં પણ બુટલેગરો લક્ઝુરિયસ કાર માં હેરાફેરી કરતા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.અંકલેશ્વર પોલીસે પકડેલા માત્ર 5 હજાર રૂપિયાના દેશી દારૂની સામે રૂ.3.50 લાખની ગાડી કબ્જે કરીને ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે પકડેલી એક લક્ઝુરિયસ કાર માંથી 250 લીટર દેશી દારૂનો જથ્થો પકડી પાડયો છે. બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફને માહિતી મળી હતી કે,એક સ્કોડા કાર માં દેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે.

જેથી પોલીસે માહિતીના આધારે આજ રોજ ગોલ્ડન બ્રિજ રોડ નંબર -7 ઢોળાવ ઉપર વોચમાં હતા.તે સમયે માહિતી વાળી સ્કોડા કાર આવતા તેને રોકી તલાશી લેતા તેમાંથી 250 લીટર દેશી દારૂ કિંમત રૂ.5 હજાર અને લક્ઝુરિયસ સ્કોડા કાર કિંમત રૂ.3,50,000 અને એક એપલ ઈલેવન કંપનીના મોબાઈલ કિં.રૂ.20,000 હજાર મળીને કુલ રૂ.3,75, 000 નો.મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે દારૂની હેરાફેરી કરતા રોશન રતિલાલ પાટણવાડીયા ને ઝડપી પાડી દારૂ આપનાર કલ્પના રતિલાલ પાટણવાડીયા અને લખી ગામના ગંભીર ગોહિલને વોન્ટેડ જાહેર કરીને વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 17/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંક્લેશ્વર પોલીસે ટેમ્પો- સળિયા મળીને કુલ રૂ.2.61 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ટેમ્પોમાં ચોરીના સળિયા વેચવા માટે નીકળેલાં 3 ગઠિયા પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ગડખોલ ONGC તળાવની સામે આવેલી નિરવકુંજ સોસાયટીમાંથી થોડાં દિવસ પહેલા મકાન બની રહેલા સ્થળ પરથી લોખંડના સળિયાની ચોરી થઈ હતી.જે અંગેની ફરિયાદ મકાન માલિકે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં નોધાવી હતી. દરમિયાનમાં DYSP ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પીઆઈ વી.યુ.ગડરીયાએ સ્ટાફના માણસોને સુચનાઓ આપી હતી.

જે અનુસંધાને અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશનના PSI અને તેમની ટીમ ગત રોજ પેટ્રોલીંગમાં હતાં.તે સમયે માહીતી મળી હતી કે,અંકલેશ્વરના ગડખોલ ગામની હદમાં આવેલી નિરવકુંજ સોસાયટી માંથી ચોરી થઈ ગયેલા સળિયા ત્રણ ચોર ઈસમો આઈસર ટેમ્પામાં લઈને વેચાણ કરવા રાજપીપળા ચોકડી તરફ ફરી રહ્યા છે.આ માહિતી મળતા જ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી અને માહિતીવાળા ટેમ્પો અને ચોરીના સળિયા સાથે સંદીપ ઉર્ફે મનોજ પ્રેમચંદ ગુપ્તા,સંયમ કુલદીપ કાલીયા અને મોર્લાસંગ જય પ્રકાશસીંગ સીંગ નામના ચોરોને ઝડપી પાડ્યા હતાં.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે તેમની પાસેથી એક આઈસર ટેમ્પો કિંમત રૂ.2 લાખ,લોખંડના સળિયા 133 કિલો જેની કિંમત રૂ.46,550 અને મોબાઈલ નંગ ત્રણ કિ.રૂ.15 હજાર મળીને કુલ રૂ.2,61,550 નો મુદામાલ કબ્જે છે. આ ત્રણેય વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 17/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ટેન્કર અંકલેશ્વરની એસપીસી કંપનીનું હોવાનો ઘટસ્ફોટ

# શંકાસ્પદ કેમિકલયુક્ત વેસ્ટ ભરેલું ટેન્કર એસઓજીએ ઝડપી પાડ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર રાજપીપળા ચોકડી સર્વિસ રોડ પર શંકાસ્પદ વેસ્ટ ભેર ટેન્કર એસ.ઓ.જી પોલીસની ટીમ 15 મી ઓગસ્ટ ની પૂર્વ સંધ્યા ને પેટ્રોલીંગમાં હતી.

દરમિયાન રાજપીપળા ચોકડી પાસે એક શંકાસ્પદ હિલચાલ કરતો ટેન્કર સર્વિસ રોડ પાસે ભરૂચ રોડ તરફ ઉભું થતું જે ટેન્કર માં રહેલ જથ્થા અંગે પૂછપરછ કરતાં ટેન્કર ચાલક રાજેન્દ્રસિંહ ચહેરસિંહ ઝાલાએ સંતોષ કરાર જવાબ આપ્યો ના હતો. ટેન્કર માં રહેલ જથ્થા અંગે પણ યોગ્ય ખુલાસો ના કરતા પોલીસે ટેન્કર ચાલક રાજેન્દ્રસિંહ ચહેરસિંહ ઝાલા ની અટક કરી બી ડિવિઝન પોલીસ મથકે લાવી એફ.એસ.એલ ને જાણ કરી હતી તેમજ જીપીસીબી ને જાણ કરતા પ્રાથમિક સેમ્પલ લેતા ટેન્કર અંદર રહેલા જથ્થો વેસ્ટ કેમિકલ જથ્થો હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે આ જથ્થો જીઆઈડીસી માં આવેલ એસ.પી.સી લાઈફ સાયન્સ માંથી ભાર નીકળ્યું હોવાનું બહાર આવ્યું હતું ત્યારે આ જથ્થો જ્યાં મોકલવાનો હતો તેના બદલે અંત્યંત પણ લઈ જવામાં આવી રહી હોવાનું પણ સામે આવી રહ્યું હતું. એસ.ઓ.જી દ્વારા આ અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે પ્રથમ જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી તેમજ આ કેમિકલ વેસ્ટ ક્યાં લઈ જવામાં આવી રહ્યું હતું. અને તેનો પ્રકૃતિ ને નુકસાનકારક રીતે નિકાલ કરવામાં આવી રહ્યો હતો કે કેમ તેમજ , બિલ્ટી અને જરૂરી દસ્તાવેજી પુરાવા અંગે પોલીસ દ્વારા ખરાઈ શરૂ કરી હતી.

**DATE: 17/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નબીપુર પોલીસની ટીમે તપાસ શરૂ કરી

# ચોરીની 2 બાઈક સાથે નાંદ ગામના શખ્સની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસ મથકના પી.એસ.આઈ કે.એમ.ચૌધરી અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.તે દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ બે મહિના પહેલા નિકોરા ગામથી ચોરી થયેલ મોટર સાયકલ લઈ એક ઈસમ નાંદ ગામના મેળામાં આવનાર છે.

બાતમીના આધારે પોલીસે શાહપુરા તરફ જવાની ચોકડી પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી વાળો ઈસમ આવતા પોલીસે તેને અટકાવી બાઈકના જરૂરી કાગળો માંગતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે ઈ-ગુજકોપ અને પોકેટ કોપમા મોટર સાયકલ નંબર સર્ચ કરતા તે ચોરીની હોવાનું માલૂમ પડતાં પોલીસે ઝડપાયેલ ઈસમની પૂછપરછ કરતાં નવ મહિના પહેલા નિકોરા ગામેથી બીજી એક મોટર સાયકલ ચોરી કરેલાની કબુલાત કરતા પોલીસે નિકોરા ગામના હરસિધ્ધી ફળીયામાં રહેતો ગૌરવકુમાર કનુભાઈ માછી પટેલને ઝડપી પાડી બંને ચોરી થયેલ બાઈક મળી કુલ 85 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 17/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# સરફુદ્દીન ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નવા સરફુદીન ગામે ચુડેલ માતાના મંદીર પાસે આવેલા ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તાપાના સાથે રુપીયાથી જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસ ટીમ બનાવી પંચોની સાથે નજીકમાં આવેલા મકાનોના આડમાં દૂરથી જોતાં મંદિરે કેટલ લોકો જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસે ચારેય બાજુથી જગ્યાને કોર્ડન કરીને જુગાર રમતા જુગારીઓ ઝડપી પાડયા હતા.પોલીસે તેમની પાસેથી કુલ કુલ રૂ.18,600 નો મુદ્દામાલ કબ્જે કરીને વધુ તપાસ હાથ ધરી છે.